ISSN No: 2455-734X (E-Journal)
*An Inter-Disciplinary National Peer & Double Reviewed e-Journal of Languages, Social Sciences and Commerce*

The Churning
Uma Arts & Nathiba Commerce Mahila
College, Gandhinagar, Gujarat, India

# 'એ ડોલ્સ હાઉસ' અને 'બત્રીસ પૂતળીની વેદના'માંથી પ્રગટતા નારીવાદી વલણોનો તુલનાત્મક અભ્યાસ

**પટેલ ઝંઝા બી.**

માનવવસ્તીની અડધોઅડધ વસ્તી 'ઓળખ' માટે ઝઝૂમી રહી છે. દલિતો, આદિવાસીઓ અને સ્ત્રીઓને થયેલો આ સ્વત્વનો બોધ એક નવીન ઘટના છે. સંસ્કૃતિમાં સ્ત્રી શોષિત હતી નહી પણ બનતી ગઈ છે. કારણ ગમે તે હોય પણ સંસ્કૃતિની યાત્રામાં સ્ત્રીએ પુરુષને ઢીલ આપી દીધી.કાલાંતરે એ પોતે જ માનવા લાગી કે એ પોતે જ અબળા છે. ત્યારથી શરૂ થયું સ્ત્રીદમન અને ધીરે-ધીરે દૃઢ થવા લાગ્યું. હવે સ્ત્રીને એ અન્યાયનો અહેસાસ થયો છે. હવે એ વેઠવા તૈયાર નથી. એણે નારી આંદોલનને સતેજ કર્યું છે. એના પડઘા સાહિત્યમાં ઝીલાવાના શરૂ થયા છે. અને નારીવાદ સાહિત્યધારાની ઉપેક્ષા હવે શકય નથી.

અહીં એક ગુજરાતી નવલકથા અને એક ગ્રીક નાટક બંનેનો તુલનાત્મક અભ્યાસ કરવાનો છે. ઈલાઆરબ મહેતા ૧૯૮૨માં 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથા લઈને આવે છે. જયારે નોર્વેજિયન નાટ્યકાર હેન્રિક ઈબ્સન ૧૮૭૯માં 'એ ડોલ્સ હાઉસ' નાટક લઈને આવે છે. બંને કૃતિના સર્જકો પોત-પોતાની ભાષામાં નારીકેન્દ્રી સર્જકની હેસિયતથી સુપેરે પરિચિત છે. આમ તો આ નાટક અને નવલકથા બંને નારીચરિત્ર પ્રધાન છે.

મારું આ અવલોકન નારીવાદી વલણોનું તુલનાત્મક અવલોકન છે. આજકાલ સાહિત્યિક વિવેચનક્ષેત્રે નારીચેતના, નારીમુક્તિ, નારી સંશક્તિકરણ અને સામાજિક શોષણ તથા સાંસ્કૃતિક આદાન-પ્રદાન મુખ્યત્વે ચર્ચાતા રહેતા વિષય છે. આ નાટક અને નવલકથાનો વિષય છે 'નારીમુક્તિ'. ભારતીય પિતૃસત્તાક સમાજ વ્યવસ્થામાં સમાજ પરંપરામાં નારીને પ્રાકૃતિક મર્યાદાઓની સાથે સામાજિક તથા સાંસ્કૃતિક બંધનોને કારણે પણ ઘણું બધું સહન કરવું પડે છે.અથવા એમ કહો કે પડી રહ્યું છે. આ બંને કૃતિનાં નારીપાત્રો સામાજિક અને સાંસ્કૃતિક બંધનોથી મુક્તિ ઈચ્છે છે. બંને કૃતિનાં શીર્ષક પણ અત્યંત સૂચક, અભિવ્યંજક અને માર્મિક છે.

ઈબ્સનનાં નાટકોનાં શીર્ષક હંમેશા એના વસ્તુને અનુરૂપ જ હોય છે. આ શીર્ષકો પ્રતીકાત્મક અને યથાર્થ હોવાથી જ એ વસ્તુ સાથે સુસંગત લાગ્યા વિના રહેતાં નથી. 'ઢીંગલી' અહીં પ્રતીક છે. પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થામાં સ્ત્રીનું સ્થાન પુરૂષના હાથની કઠપૂતળી બની રહેવાનું છે. સ્ત્રીને કોઈ સ્વાતંત્ર્ય નહી, કોઈ વ્યક્તિત્વ નહી, કોઈ વિશિષ્ટ અધિકારો નહી, એણે પુરુષની ગુલામડી બનીને જ જીવવાનું, પુરુષના સહારા વિના એનાથી જીવાય જ નહી, 'એ ડોલ્સ હાઉસ' ના નાયક હેલ્મરનું ઘર એ નોરા માટે સાચા અર્થમાં 'ઢીંગલીઘર' જ છે.

**"શામળની 'બત્રીસ પૂતળીની વાર્તા' ના શીર્ષકનો પૂર્વાર્ધ ઈલાબહેને તેમની નવલકથાના શીર્ષક 'બત્રીસ પૂતળીની વેદના' માં પ્રયોજીને શીર્ષકથી જ રચનાના વસ્તુને ઉદ્દઘાટિત કરી દીધું છે. શામળની વાર્તામાં તો પૂતળીઓ સાચે જ સિંહાસન પર જડેલી હતી. જયારે પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થામાં સ્ત્રીઓ જીવતી જાગતી અને પ્રતિભા સંપન્ન હોવા છતાં પુરૂષને મન તો એ સિંહાસનની શોભા વધારનારી પૂતળીઓ જ છે. અને એમનું કામ ફક્ત પુરુષોની ગુણલીલા કરવાનું છે. આ પુરુષોને મન સ્ત્રીનું સમીકરણ આ પ્રમાણે છે. સ્ત્રી એટલે ડેકોરેશન. સ્ત્રી એટલે ફિગર-પ્રમાણસર શરીર-લાંબા સુંદર પગ એન સપાટ પેટ એણે શૃંગાર કરવાનો અને સૌદર્યમય પૂતળી બની રહેવાનું." ૧**

**"સમગ્ર રીતે જોતાં જણાય છે કે પુરાણી સમસ્યાનું અહીં નૂતન રીતે આલેખન થયું છે. કૃતિમાંના વિવિધ સ્ત્રીપાત્રો તો નિમિત્તમાત્ર છે. તેમના જીવનમાં બનતી વિવિધ પરિસ્થિતિઓનું વર્ણન કરીને લેખિકાએ નારી અસ્મિતાના પ્રાણપ્રશ્નને સર્જનાત્મક ભૂમિકાએ અનાવૃત કરી આપ્યો છે. પુરુષ દ્વારા ઉપેક્ષિતા સ્ત્રીના હૃદયમાં ભભૂકી ઊઠેલી આગની અભિવ્યક્તિ રચનામાં નાટકની પ્રયુક્તિ વડે આવેશ મુકત અને અહીંસક રીતે થઈ છે." ૨**

આમ 'બત્રીસપૂતળીની વેદના' અને 'એ ડોલ્સ હાઉસ' બંનેને સાથે રાખીને જોઈએ તો આ નાટક અને નવલકથાનો વિષય છે, 'નારીમુક્તિ' ભારતીય પિતૃસત્તાક સમાજ વ્યવસ્થામાં સમાજ પરંપરામાં નારીને પ્રાકૃતિક મર્યાદાઓની સાથે સામાજિક તથા સાંસ્કૃતિક બંધનોને કારણે પણ ઘણું બધું સહન કરવું પડ્યું છે. 'એ ડોલ્સ હાઉસ' નાટક નોરાની ઓળખની કટોકટીનું નાટક છે. તો 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથાનાં ઘણી બધી નારીઓમાં 'ઓળખ' નો અભાવ છે. અને એ ઓળખ મેળવવાનો પ્રયત્ન કરે છે. આ બંનેની તુલનાનાં કેટલાંક નીચે મુજબના તારણો કાઢી શકાય.

- 'એ ડોલ્સ હાઉસ' નાટક અને 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથા બંને નારીપ્રધાન છે. આ જ કારણે બંને સર્જકોએ કેટલીક સમસ્યાઓથી ઘેરાયેલાં નારીપાત્રોનું સર્જન કર્યું છે.

- નારીના અસ્તિત્વનું સમસ્યાવૃત આલેખન બંનેમાં થયું છે. પોતાના અસ્તિત્વના પ્રસ્થાપનને માટે બંને નવલકથાનાં નારીપાત્રો સામાજિક વિપરિત પરિબળોથી સંઘર્ષનું એક વિશિષ્ટરૂપ 'બત્રીસ પૂતળીની વેદના' માં મૂર્ત થયું છે. તો બીજું વિશિષ્ટરૂપ 'એ ડોલ્સ હાઉસ' માં મૂર્ત થયું છે.
- 'બત્રીસ પૂતળીની વેદના' ની બધાં જ સ્ત્રીપાત્રોની વેદના એક જ બિંદુ પર આવીને અટકે છે અને તે બિંદુ છે સ્ત્રીને માણસ નહી પણ પૂતળી ગણાતા પુરુષો. તો 'એ ડોલ્સ હાઉસ' ની નોરાને પણ તેનો પતિ 'ઢીંગલી' થી વિશેષ કંઈ જ માનતો નથી.
- 'બત્રીસ પૂતળીની વેદના' ના નારીપાત્રો કુંટુંબ કે સમાજ પ્રત્યે, જીવન પ્રત્યેનું વલણ એક નકારાત્મક ભાવ લઈને ચાલે છે. અનુરાધા,રેખા, છાયા કે વિભાવરી માટે પુરુષ સમાજ પ્રતિસ્પર્ધી લાગે છે. જયારે નોરા પોતાના પતિની પ્રતિસ્પર્ધી બનતી નથી. પરંતુ તેનો પતિ કહે એમ જ કર્યા કરે છે.
- 'બત્રીસ પૂતળીની વેદના' નાં નારીપાત્રો દામ્પત્યજીવનની વેદના પછી અનુકૂલન - સમાયોજન સાધવાનો પ્રયત્ન કરે છે. જયારે 'ડોલ્સ હાઉસ' ની નોરા અનુકૂલન કે સમાયોજન સાધતી નથી. પણ સંબંધ તોડીને છોડીને ગૃહત્યાગ કરે છે.
- 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથાનાં નારીપાત્રો એ પૂર્વની સંસ્કૃતિકનું અનુકરણ કરે છે. જયારે 'એ ડોલ્સ હાઉસ' ની નોરા પશ્ચિમની સંસ્કૃતિનું અનુકરણ કરે છે.
- 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથાનું એક પણ નારીપાત્ર સંબંધ તોડવા તૈયાર નથી. તે સમાધાન જ કરે છે. તેમને સત્તા નહીં અધિકાર જોઈએ છે. જયારે 'એ ડોલ્સ હાઉસ' ની નોરા 'સ્વઓળખ' નું ભાન થતાં સમાધાન નથી કરતી પરંતુ સંબંધ છોડે છે.
- 'એ ડોલ્સ હાઉસ' ની નોરાની જેમ 'બત્રીસ પૂતળીની વેદના' નું એકમાત્ર અપવાદરૂપ નારીપાત્ર માર્શિયા સંબંધ છોડે છે. માર્શિયા સમાધાન નથી કરતી પરંતુ પ્રેમીને છોડી દે છે.
- 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથાની સ્ત્રીઓને સંબંધ રાખવો હોય તો અધિકાર છોડવો પડે છે. અને અધિકાર રાખવો સંબંધ છોડવો પડે છે. પરંતુ 'એ ડોલ્સ હાઉસ' ની નોરા તો બધું જ છોડીને ચાલી જાય છે.
- 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથાનાં નારીપાત્રો પુરુષપ્રધાન સમાજમાં પરિવર્તન ઝંખે છે. પણ સ્ત્રી સત્તાક પ્રણાલી ચાહતી નથી. જયારે નોરા પોતાની સ્વતંત્રતાના ભોગ કે પોતાની જાતને છેતરીને કોઈપણ સુખ ભોગવવા માગતી નથી.
- 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથાની સ્ત્રીઓ વિદ્રોહને સ્થાને શાંતિ, સુરક્ષા અને સલામતીને મહત્વની લેખે છે. આથી જ તેમને સાચા અર્થમાં મુક્તિ સિદ્ધ થઈ શકતી નથી. જયારે 'એ ડોલ્સ હાઉસ' ની નોરા બળવો કરે છે અને બધું છોડી ગૃહત્યાગ કરીને મુક્તિ મેળવે છે. નોરાનું પાત્ર નારી સ્વાતંત્ર્યની ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે.
- વાસ્તવની દ્રષ્ટિએ વિચારીએ તો 'એ ડોલ્સ હાઉસ' કરતાં 'બત્રીસ પૂતળીની વેદના' વાસ્તવની વધારે નજીક છે. એમાં નિરૂપણ વધારે પ્રતિતિજનક છે.

- 'બત્રીસ પૂતળીની વેદના' નાં નારીપાત્રો અને ' એ ડોલ્સ હાઉસ' ની નોરા આ બધી જ સ્ત્રીઓનાં વ્યક્તિત્વ અને તેમની સ્થિતિ વૈવિધ્યસભર છે. પરંતુ તેમની વેદના એકસરખી છે. એટલે કે એ રાણી હોય કે સામાન્ય સ્ત્રી હોય, એ કલાકાર હોય કે ઘરેલું સ્ત્રી હોય, પરંતુ પુરુષ તરફથી થતી અનુભૂતિમાં બંને સમાન બિંદુ પર છે. એટલે કે માત્ર પરિસ્થિતિ અને પાત્રો બદલાય પણ 'પૂતળીપણા' ની 'ઢીંગલી'ની તેમનામાં આરોપવામાં આવેલી વેદના સર્વસામાન્ય રહે છે.

આમ ઈબ્સને નોરાનું પાત્ર નિર્માણ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલી નારીને બહાર કાઢી, નારીહૃદયનાં સંવેદનોને અને સમાજ સામેના તેમના પડકારોને પૂરેપૂરી કલાત્મકતા અને તાટસ્થ્યથી બતાવ્યા છે. નારીહૃદયનું ઉર્ધ્વરોહણનું પ્રતીક તરંગિણી છે. અને છેવટે મુક્તિને માર્ગે ચાલી નીકળે છે. તો વળી ઇલાબહેન પણ એક તરફ ધર્મસત્તાએ કઈ રીતે સ્ત્રીઓની સામાજિક ભૂમિકાને અંકુશિત અને મર્યાદિત કરી છે તે દર્શાવે છે તો બીજી બાજુ એકથી વધુ સ્ત્રીપાત્રો થકી સ્ત્રીઓએ અનુભવવી પડતી વિભન્ન વિટંબણાઓનું આલેખન સુંદર રીતે કર્યું છે.

## પાદટીપ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | પૃ. ૧૪૨ | 'શક્તિ' | (સંપાદક-રંજના હરીશ) | - | કિર્તિદા શાહ. |
| ૨. | પૃ. ૧૪૬ | 'શક્તિ' | (સંપાદક-રંજના હરીશ) | - | કિર્તિદા શાહ. |

**Author's Profile**

**Zanza B. Patel**. Research Fellow. Hemchandracharya North Gujarat University, Patan.